## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

### અધિસૂચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ આથી લાગતા વળગતા તથા સંબંધકર્તા તમામને જણાવવામાં આવે છે કે, નગર રચના યોજના સેવાસી નં. ૧ નો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૨(૧)ની જોગવાઈ મુજબ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ તરફથી તૈયાર કરવામાં આવેલ છે. ઉક્ત કાયદા હેઠળ બનાવેલ નિયમ ૧૮ માં કરેલ જોગવાઈ મુજબ આ યોજનાની સૂચિત દરખાસ્તોથી અસર પામતા શખ્સો હિત સંબંધ ધરાવનારાઓના વાંધાસૂચનો મેળવવા માટે સત્તામંડળે તેમની તારીખ ૩ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૨ની ૧૧૬મી બેઠકના ઠરાવ નં. ૯૪૧ થી પ્રસિધ્ધ કરવાનું ઠરાવેલ છે.

ઉપર જણાવેલ મુસદ્દારૂપ નગર રચના યોજના સેવાસી નં. ૧ની ચતુઃસીમા નીચે જણાવ્યા મુજબની છે.

ઉત્તર હદ: ૧, ૯, ૧૦, ૧૧, ૧૦૩૭, ૬૧, ૬૨ તથા ૫૭ની ઉત્તરે આવેલ સેવાસીથી ગોત્રી જતા રસ્તાની મધ્યરેખા.

દક્ષિણ હદ: ૧૬૭, ૧૭૧, ૧૭૨, ૧૭૪, ૧૭૫, ૧૭૪૬ ની દક્ષિણે આવેલ ગાડા માર્ગની મધ્યરેખા તથા ૩૩૩, ૩૩૪, ૩૩૫, ૩૩૬, ૩૪૭ની દક્ષિણ હદ.

પૂર્વ હદ: ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૧૦૨/૨ પૈ. ૧. ૧૦૨/૨, ૧૦૧, ૯૮, ૯૫, ૧૧૫, ૧૧૬, ૧૨૯, ૧૨૮, ૧૫૪, ૧૬૯, તથા ૧૬૭ની પૂર્વ હદ.

પશ્ચિમ હદ: ૩૪૭, ૩૪૮, ૩૪૯, ૩૫૭, ૩૫૮, ૩૫૯, ૩૬૦, ૩૬૫, ૩૬૬, ૩૭૬, ૩૭૧ પૈ-૨, ૩૭૩પૈ-૩, ૩૭૩-પૈ-૪, ૩૭૩પૈ-૨, ૩૭૩-પૈ-૧ તથા ૩૭૨ની પશ્ચિમે આવેલ ગાડા માર્ગની મધ્યરેખા.

મુસદ્દારૂપ નગર રચના યોજના સેવાસી નં. ૧ નીચે જણાવ્યા મુજબનું સાહિત્ય નકશા ફોર્મ, પત્રકો વિ. જાહેર જનતાને નિરિક્ષણ તેમજ સમજવા સારૂ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં સમય દરમ્યાન ખુલ્લુ રાખવામાં આવેલ છે. અને તે સમજાવાનો વ્યવસ્થા કરવામાં આવેલ છે.

(૧) પ્રસ્તાવના
(૨) યોજનાનો સંક્ષિપ્ત અહેવાલ
(૩) પુનઃવહેંચણી તથા મુલ્યાંકન પત્રક નમુનો (છ)
(૪) યોજનામાં સુચિત કામોની અંદાજીત ખર્ચ
(૫) યોજનાની નાણાં વ્યવસ્થા નમુનો 'જ'
(૬) નોંધ.
(૭) મુળખંડની અવિકસીત તેમજ આખરી ખંડની અવિકસીત તથા વિકસીત સ્થિતિમાં કીંમતના અંદાજના દર તથા કારણો દર્શાવતું પત્રક.
(૮) જમીનની કપાતની ટકાવારી દર્શાવતું પત્રક.
(૯) વેચાણ ઉતાર દર્શાવતું પત્રક.
(૧૦) વિકાસ નિયંત્રણ વિનિયમો.
(૧૧) યોજનાનો વિસ્તાર તથા હદ દર્શાવતા ઇન્ડેક્ષ પ્લાન (નકશા નં. ૧)
(૧૨) મુળખંડની હદો તથા તેના રે.સ.નં./બ્લોક નં.ની હદો તથા નંબરો હયાત નાળાંઓ રસ્તા વિ. દર્શાવતો નકશો (નકશા નં. ૨)
(૧૩) મુળ ખંડની હદો તથા તેના નંબરો, આખરી ખંડોની હદો, તેના નંબરો જાહેર હેતુ માટેના આખરી ખંડો અને અને તેના હદો સુચિત રસ્તાઓ વિ. દર્શાવતો નકશો (નકશા નં. ૩)
(૧૪) આખરી ખંડોની હદો તથા તેના નંબરો, યોજનાના રસ્તાઓ હેતુ માટેના આખરી ખંડો અને તેની હદો વિ. દર્શાવતો નકશો (નકશા નં. ૪)
(૧૫) યોજનામાં સુચવેલ જાહેર સુખાકારીની સુવિધાઓ દર્શાવતો નકશો (નકશા નં. ૪ અને ૫)
(૧૬) વેચાણ દર્શાવતો નકશો (નકશા નં. ૫)

ઉપરોક્ત અધિસૂચન સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર સદરહુ મુસદ્દારૂપ યોજનાની દરખાસ્તોથી અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજના સંબંધમાં લેખીત વાંધાસુચનો વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાને મોકલશે તો સત્તામંડળ આ મુસદ્દારૂપ નગર રચના યોજના-સેવાસી નં. ૧ રાજ્ય સરકારશ્રીને મંજુરી અર્થે સાદર કરતાં પહેલાં ગુણવત્તાના ધોરણે ચકાસી ધ્યાનમાં લેશે તેની નોંધ લેવા વિનંતી છે.

વડોદરા, તારીખ ૩ માહે સપ્ટેમ્બર ૧૯૯૨.

(સહી) અવાચ્ય,
મુખ્ય કારોબારી અધિકારી,
શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,
ફતેગંજ, મ્યુ. શોપીંગ સેન્ટર,
વડોદરા–૨.

---

## સુરત મહાનગરપાલીકા

રાંદેર વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૨૩ (રાંદેર) તૈયાર કરવા બાબત.

### અધિસૂચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ–૨૨ની પેટા કલમ (૧) અન્વયે સ્થાપેલ સુરત વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭–૧–૮૯નાં ઠરાવ નં. ૬૨૬(૧૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ટાઉન પ્લાનીંગ સ્કીમો (નગર રચના યોજનાઓ) બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકા અને સત્તા આપેલ છે.

ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ (પ્રેસીડેન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાઓ નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૨૮ તા. ૨૮–૮–૯૨થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ. ૨૩/૯૨માં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી બનાવેલ રાંદેર વિસ્તાર માટે નગર રચના યોજના સુરત

નં. ૨૩ (રાંદેર) તૈયાર કરવાનો ઇરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમયમાં જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલી છે.

સુરત.

(સહી) અવાચ્ય,
કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

ઠરાવ

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૨૮-૮-૯૨નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

મ્યુ. કમિશનરશ્રીના તા. ૨૪-૮-૯૨ના પત્ર નં. સીપીઓ/૮/૧૫થી વિદિત થઇ, તેમાં જણાવ્યાં મુજબ, દરખાસ્ત સાથે રજુ કરેલ નકશામાં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખામાં બતાવેલ વિસ્તારને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૪૧(૨) મુજબ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ સુરત નં. ૨૩(રાંદેર)ને તૈયાર કરવાનો ઇરાદો જાહેર કરવાનું તથા તેને સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવાનું તથા તે અંગેની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૨૮ સર્વાનુમતે મંજુર

---

ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળ, ભાવનગર.
જાહેરાત

મુસદ્દારૂપ નગર રચના યોજના ભાવનગર નંબર ૯(રૂવા) વાંધા સુચનો મંગાવવા પ્રસિધ્ધ કરવા બાબત.

(નગર આયોજન ધારાની કલમ ૪૨(૧) અને નિયમ ૧૮ હેઠળ)

ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની હદમાં આવતા મોજે રૂવાના સરવે નંબરો ૬ થી ૨૫ સ.નં. ૨૬/૧, ૨૬/૨, ૨૬/૩, સ.નં. ૪૬ અને સ.નં. ૫૦ વિગેરે આવરી લેતા વિસ્તાર માટે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, સાથે પરામર્શ કર્યા બાદ સત્તા મંડળના તા. ૧/૨/૯૨ના બોર્ડની બેઠકના ઠરાવ નંબર ૩/૯૨ થી એક મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત મુસદ્દારૂપ નં. ૨ યોજના ભાવનગર નં. ૯(રૂવા)ની કામચલાઉ દરખાસ્તો તૈયાર થઇ ગઇ છે. અને તા. ૨૭/૮/૯૨ના રોજ રૂવા ગામે જમીન માલીકોની સભામાં આ દરખાસ્તો સમજાવવામાં આવી છે. સદરહુ યોજનાની એક નકલ કચેરીના સમય દરમ્યાન નીચે જણાવેલ સરનામે આવેલ સત્તા મંડળની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રાખવામાં આવી છે.

આથી સર્વેને જણાવવામાં આવે છે કે, આ જાહેરાત ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસીધ્ધ થયા તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઇ વ્યકિત આ યોજના અંગે જો કોઇ વાંધા—સુચન હોય તો તે આ સત્તામંડળને લખી મોકલશે તો સત્તામંડળ કાયદાની કલમ ૪૮ હેઠળ રાજ્ય સરકારને પ્રસ્તુત મુસદ્દારૂપ નં. ૨ યોજના સાદર કરતા પહેલાં મળેલા વાંધા—સુચનો વિચારણામાં લેશે.

ભાવનગર,
તા. ૫—૯—૯૨
૩જે માળ,
ગ્રેલક્ષ્મી સીનેમા બીલ્ડીંગ
ભાવનગર.

એન. એન. શેખ,
મુખ્ય કારોબારી અધિકારી,
વિસ્તાર વિકાસ સત્તા મંડળ,
ભાવનગર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT.
COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

(Rjt.)—II 4